# હડકવા વિરોધી પ્રી-એક્ષપોઝર રસીકરણ કેમ્પ

## સ્થળ : આ.કૃ.યુ., હેલ્થ સેન્ટર, આણંદ તારીખ : ૭ અને ૮ જાન્યુ. ૨૦૧૯

---

હડકવા એ એક જીવલેણ રોગ છે જે ક્યારેય થયા પછી મટાડી શકાતો નથી. પરંતુ હડકવાને થતો ૧૦૦ % અટકાવી શકાય છે જે અન્વયે ૧૪મી રાજ્ય કૃષિ પરિષદની બેઠકમાં પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલયમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તથા તાંત્રિક અધિકારીઓ/કર્મચારીઓ/શ્રમજીવીઓને હડકવા રોગ સામે રક્ષણ પૂરૂં પાડવા હડકવા વિરોધી રસીકરણ વિશ્વવિદ્યાલયના ખર્ચે  કરાવવાનો નિર્ણય લેવાયો હતો.

ઉપરોક્ત અતિ મહત્વના મુદ્દાના અનુસંધાને તારીખ ૭ અને ૮ જાન્યુઆરી ૨૦૧૯ના રોજ  આણંદ કૃષિ વિશ્વવિદ્યાલય હસ્તકના પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલયમાં કલીનીકલ તેમજ અન્ય વિભાગો જે હડકવા રોગના કેસ તેમજ નમૂનાઓ સાથે સીધા અથવા તો આડકતરી રીતે સંકળાયેલા છે તેમના હિતમાં સામુહિક હડકવા વિરોધી પ્રી-એક્ષપોઝર રસીકરણ કેમ્પનું આયોજન નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃતિઓ, આ.કૃ.યુ., આણંદના માર્ગદર્શન હેઠળ અત્રેના હેલ્થ સેન્ટર ખાતે કરવામાં આવ્યું હતું જેમાં આ મહાવિદ્યાલયના ઝવેરી હોસ્પિટલ, સર્જરી, મેડીસીન, ગાયનેકોલોજી અને માઈક્રોબાયોલોજી  વિભાગના તમામ તાંત્રિક અધિકારીઓ/ કર્મચારીઓ/શ્રમજીવીઓ અને અનુસ્નાતક વિદ્યાર્થીઓ  એમ કુલ ૫૧ સ્ટાફ/વિદ્યાર્થીઓને  હડકવા વિરોધી રસીનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો હતો.

આ તકે નિયામકશ્રી વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃતિઓ ડૉ એસ. એચ. અકબરીએ જણાવેલ કે, મેડીકલ ઓફિસરના નિદર્શન  હેઠળ આવનાર દિવસોમાં તેમજ દર વર્ષે લાગુ પડતા તમામ સ્ટાફ અને વિદ્યાર્થીઓને સદર રસીકરણનો લાભ થાય એવું આયોજન કરવામાં આવશે.







PRE EXPOSURE ANTI-RABIES
VACCINATION CAMP
Date: January 7 & 8, 2019
by
Health Centre
Agricultural University, Anand


VACCINATION CAMP
by


VACCINATION CAMP
by


by